E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 10 * Issue No. 312 *Date: 02.09.2024,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ સજ્જ; સોનિયા-રાહુલ ગાંધી સહિત ૪૦ સ્ટાર પ્રચારકો જાહેર



૨૦૨૪ : જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટે ૧૮મી સપ્ટેમ્બરથી મતદાનની શરૂઆત થવાની છે, ત્યારે આ ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ સહિત તમામ રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો ઉમેદવારોના નામ અને સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં લાગી ગયા છે. આજ ક્રમમાં કોંગ્રેસે આજે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે, જેમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સીપીસી ચેરપર્સન સોનિયા ગાંધી અને સાંસદ રાહુલ ગાંધીનો પણ સમાવેશ થાય છે.કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલ દ્વારા જાહેર કરાયેલી યાદી (Congress Star Campaigners List)માં જયરામ રમેશ, અંબિકા સોની, અજય માકન, સલમાન ખુર્શીદ અને કન્હૈયા કુમારના નામ સામેલ છે. આ ઉપરાંત હિમાચલના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ, પંજાબના પૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની, રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટને પણ આ યાદીમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત ગુજરાતમાંથી કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીની પસંદગી કરવામાં આવી છે.

### કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી

મલ્લિકાર્જુન ખડગે
સોનિયા ગાંધી
રાહુલ ગાંધી
રજની પાટીલ
રાજીવ શુક્લા
મનીષ તિવારી
પ્રિયંકા ગાંધી વાડ્રા
ઈમરાન પ્રતાપગઢી
કે.સી.વેણુગોપાલ
કિશોરી લાલ શર્મા
અજય માકન
રણજીત રંજન
અંબિકા સોની
રમણ ભલ્લા
ભરતસિંહ સોલંકી
તારાચંદ
તારિક હમીદ કરરા
ચૌધરી લાલ સિંહ
સુખવિંદર સિંહ સુખુ
પીરઝાદા મોહમ્મદ સઈદ
જયરામ રમેશ
ઈમરાન મસૂદ
ગુલામ અહેમદ મીર
પવન ખેડા
સચિન પાયલટ
સુપ્રિયા શ્રીનેત
મુકેશ અગ્નિહોત્રી
કન્હૈયા કુમાર
ચરણજીત સિંહ ચન્ની
મનોજ યાદવ
સલમાન ખુર્શીદ
શાહનવાઝ ચૌધરી
સુખજિન્દર સિંહ રંધાવા
રાજેશ લીલોઠીયા
અમરિન્દર સિંહ રાજા વારિંગ
અલકા લાંબા
સૈયદ નાસિર હુસૈન
શ્રીનિવાસ બી.વી.
વિકાર રસૂલ વાની
નીરજ કુંદન

જમ્મુ-કાશ્મીરમાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો માટે ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. ૧૮ સપ્ટેમ્બરે પ્રથમ તબક્કામાં, ૨૫ સપ્ટેમ્બરે બીજા તબક્કામાં અને પહેલી ઓક્ટોબરે ત્રીજા તબક્કામાં મતદાન થશે. જયારે મતગણતરી ૮ ઓક્ટોબરે થશે. જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધન કર્યું છે. ૨૦૧૪ પછી જમ્મુ અને કાશ્મીરમાં આ પ્રથમ વિધાનસભા ચૂંટણી હશે, કારણ કે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી. ત્યારથી જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી થઈ નથી.

ફરીવાર પરિવારજનોના રેલી કાઢી ધરણાં

## અમદાવાદનાં યુવકના કેનાલમાં આપઘાત પ્રકરણમાં ફરીવાર પરિવારજનોના રેલી કાઢી ધરણાં પ્રદર્શન






અમદાવાદ ચાંદખેડાના યુવાને કલોલ જાસપુર કેનાલમાં મોતની છલાંગ લગાવતા પહેલા વિડિઓ બનાવી વાયરલ કર્યો હતો. જેમાં તેણે આપઘાત કરવા માટે જાસપુર ગામના પૂર્વ સરપંચ અને પલસાણા ગામની શિક્ષિકા તથા અન્ય લોકોને જવાબદાર ગણાવ્યા હતા. આ મામલે એટ્રોસીટી એકટ સહીતની કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ મામલે આરોપીઓની ધરપકડ નહીં થતાં ૨૫ મી ઓગસ્ટનાં રોજ પરિવારજનોએ એસપી કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારે આજે પણ પરિવારજનો ઘ - ૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી કાઢી ધરણા પ્રદર્શન યોજી આરોપીઓએ પકડી લેવાની પુનઃ માંગણી કરવામાં આવી છે.

ચાંદખેડામાં રહેતા અને અરવિદ ફાઉન્ડેશનમાં કામ કરતાં વિપુલ ડાહ્યાભાઈ સેનમાએ કલોલની જાસપુર કેનાલમાં ઝંપલાવીને આત્મહત્યા કરી હતી. તેણે કેનાલમાં પડતાં પહેલા વિડીયો બનાવ્યો હતો અને તેમાં કહ્યું હતું, કે હું જાસપુર કેનાલમાં પડું છું. મહિલા સુરક્ષાદળને પણ જણાવવાનું કે દરેક વખતે મહિલા સાચી ન હોય,પુરૃષ પણ સાચો હોય શકે. મને ન્યાય અપાવજો. દરરોજ મારા જેવા કેટલાય યુવાનો આપઘાત કરતા હોય છે. કારણ કે તેમની વાત કોઇ સાંભળતું નથી.

આ બનાવ સંબંધે મૃતકના ભાઈએ ફરિયાદ આપેલ કે, વિપુલ સેનમા (મૃતક) અરવિંદ ફાઉન્ડેશન ખાત્રજમાં આવેલા ટાટા હાઉસિંગમાં નોકરી કરતો હતો. તે દરમિયાન વૃક્ષના રોપા કલોલ તાલુકાના પલસાણા ગામે આવેલા સ્કૂલમાં આપવાના હોવાથી આ સ્કૂલનું સરનામું પલસાણા ગામે સ્કૂલમાં નોકરી કરતી એક શિક્ષિકાને પૂછ્યું હતું. આ મામલે શિક્ષિકા અને પૂર્વ સરપંચ દિનેશ પ્રજાપતિએ તેને ઊભો રાખ્યો હતો અને તેને લાફા મારી દીધા હતા. ત્યારબાદ ૧૮૧ અભયમની ટીમ બોલાવવામાં આવી હતી અને તેમાં વિપુલ સેનમા પાસે માફી પત્ર પણ લખાવ્યું હતું.

આ ઘટનાનું વિપુલને લાગી આવ્યું હતું અને તેણે આ મામલે વીડિયો બનાવ્યો હતો. જેમાં તેમણે બધી હકીકત જણાવી હતી. વીડિયો બનાવ્યા બાદ વિપુલે કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. જે મામલે સાંતેજ પોલીસ મથકમાં એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.જો કે ફરિયાદ નોંધાયા પછી આરોપીઓની ધરપકડ નહી થતાં પરિવારજનોએ ગત ૨૫ ઓગસ્ટનાં રોજ એસપી કચેરી ભારે સૂત્રોચારો કર્યા હતા. પરંતુ આજ દિન સુધી આરોપીઓની ધરપકડ નહી થતાં આજે ફરીવાર પરિવારજનોએ સમાજના લોકોને સાથે રાખીને ઘ - ૦ થી સત્યાગ્રહ છાવણી સુધી રેલી યોજી ધરણા પ્રદર્શન યોજી આરોપીઓને પકડી લેવાની માંગણી કરાઈ છે.

## શેર માર્કેટમાં તગડા નફાની લાલચ આપી રૂ. ૬૮.૧૨ લાખ પડાવી લેનાર ગેંગ પોલીસ સંકજામાં

ગાંધીનગર કોર્ટમાં વકીલાત કરતા મહિલા વકીલને વોટસએપમાં મેસેજ મોકલી શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીગ કરી તગડો પ્રોફીટ થવાની લાલચ આપી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીગના બહાને રૂ. ૬૮ લાખ ૧૨ હજારનો ચૂનો લગાવનાર ગેંગનો ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઇમ પોલીસે પર્દાફાશ કરી ત્રણ ભેજાબાજો ને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર સેકટર - ૨૯ પ્લોટ નંબર ૫૩૩/૧ માં રહેતા અને કોર્ટમાં વકીલાત કરતા સીમાબેન લાડનાં પતિ વિકાસભાઈ વિદેશમાં નોકરી કરી રહ્યા છે. ગત તા. છઠ્ઠી જુનના રોજ સીમાબેનનાં વોટસએપમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીગ કરી સારૂ એવું પ્રોફીટ મેળવવા માટે સતત મેસેજ આવતા હતા. અને ગ્રુપમાં જોડાવાનું કહેવામાં આવતું હતું. જેનાં પગલે સીમાબેને નવમી જુન સુધી મેસેજ આવેલા નંબર પર લૈંન્નામના ઈસમ સાથે ચેટીગથી વાતચીત કરી હતી.



તા. ૩૧/૦૮/૨૦૨૩ના રોજ સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર ખાતે સપ્તધારાની સર્જનાત્મક ધારા અંતર્ગત વાર્તાલેખન અને કાવ્ય પાદપૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્ર્મનું આયોજન સર્જનાત્મક ધારા કો-ઓર્ડીનેટર ડૉ. ભૂમિ ગુર્જર દ્વારા સપ્તધારા કો-ઓર્ડીનેટર ડૉ. પૂર્વી ઓઝા અને કૉલેજના આચાર્ય ડૉ. અનુપા ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## તંત્રી લેખ.....

# મહિનાની શરૂઆતમાં જ મોંઘવારીનો વધુ એક માર

આજથી એટલે કે ૧ સપ્ટેમ્બર ૨૦૨૪થી ૧૯ કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૩૯ રૂપિયા મોંઘો થયો છે. ઓગસ્ટ બાદ સપ્ટેમ્બરમાં ફરી એકવાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. આજથી ટેલિકોમ રેગ્યુલેશનમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેના કારણે ફેક કોલ અને મેસેજને રોકી શકાશે.આ સિવાય ઉડ્ડયન ઈંધણની કિંમતોમાં ઘટાડો થવાને કારણે હવાઈ મુસાફરી સસ્તી થઈ શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (છ્ૡ)ના ભાવમાં પ્રતિ કિલોલિટર (૧૦૦૦ લિટર) રૂ. ૪,૫૬૭નો ઘટાડો કર્યો છે. જ્યારે રાજસ્થાનમાં સિલિન્ડર ૪૫૦ રૂપિયામાં મળશે.આજથી ૧૯ કિલોનો કોમર્શિયલ સિલિન્ડર ૩૯ રૂપિયા મોંઘો થયો છે. દિલ્હીમાં કિંમત હવે ૩૯ રૂપિયા વધીને ૧૬૯૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ તેનો ભાવ રૂ. ૧૬૫૨.૫૦ હતો. કોલકાતામાં, તે ?૩૮ વધીને ?૧૮૦૨.૫૦ પર ઉપલબ્ધ છે, અગાઉ તેની કિંમત ?૧૭૬૪.૫૦ હતી.

મુંબઈમાં સિલિન્ડરની કિંમત ૩૯ રૂપિયા વધીને ૧૬૦૫ રૂપિયાથી ૧૬૪૪ રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં સિલિન્ડર ૧૮૫૫ રૂપિયામાં મળે છે. જોકે, ૧૪.૨ ન્દ્ર્ય ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તે દિલ્હીમાં ?૮૦૩ અને મુંબઈમાં ?૮૦૨.૫૦માં ઉપલબ્ધ છે.

## ગાંધીનગર રહીશ અને જીઈબીના નિવૃત્ત ઈજનેરે ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ્ માં સ્થાન મેળવ્યું...



ગાંધીનગર નિવાસી અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ (જીઈબી) ના નિવૃત્ત કાર્યપાલક ઇજનેર શ્રી રાજેશભાઈ એમ.ઠક્કર ને આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની ભારત સહિત જુદા જુદા દેશોએ બહાર પાડેલ ટપાલ ટિકિટોનો સૌથી વધારે સંખ્યામાં સંગ્રહ કરવા માટે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ્ માં સ્થાન મળ્યું છે.છેલ્લા ૫૦ વર્ષથી પૂજ્ય ગાંધીજી વિશે બહાર પડાયેલ ટપાલ ટિકિટ નો સંગ્રહ કરવાના શોખીન શ્રી રાજેશભાઈ ઠક્કરે જુદા જુદા કુલ ૧૬૮ દેશોએ બહાર પાડેલ કુલ ૧૬૦૪ ટપાલ ટિકિટોની સંગ્રહ ધરાવે છે.જે એક વર્લ્ડ રેકોર્ડસ્ છે.આ પહેલા ૨૦૧૯ માં પણ તેઓને મહાત્મા ગાંધી માટે મહત્તમ ટપાલ ટિકિટ સહિત સૌથી વધારે કુલ ૫૪૩૯ ફિલાટેલીક મટીરીયલસ્ માટે લિમ્કા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડસ્ માં સ્થાન મળ્યું હતું.આમ ગિનીઝ બુક અને લિમ્કા બુક એમ બંનેમાં સ્થાન પામીને શ્રી રાજેશભાઈ એમ ઠક્કરે ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે ..એ.ઝેડ.લીબાચીયા ,

નાયબ ઈજનેર, જી.એસ. ઈ. સી. એલ.,

થર્મલ પાવર સ્ટેશન,ગાંધીનગર.

એ ડી . જ ન ર લ સેક્રેટરી,જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન,

ગાંધીનગર.

# ભાવ વધારાના આકાશથી નીચે ગબડેલા , લબડેલા , ચીમળાયેલા કરમાયેલા ટમેટાનો એકસકલુઝીવ ઇન્ટરવ્યુ !!!

શહેરથી દૂર. ધૂળિયો રસ્તો. રસ્તાના ખાડા બમ્પની ગરજ સારે . રસ્તા પરના ખાડાને લીધે કમરના મણકા છૂટા પડી જાય. રાતનો સૂમસામ સમય. ચારેકોર નિરવ શાંતિ. સન્માટાને ચીરતો ચીબરી અવાજ. થોડો ખળભળાટ. પાછી ચિર શાંતિ!!

અમારી ગાડી એક ગોડાઉન પાસે અટકી.જૂના જમાનાનું ગોડાઉન. કાટખાઉં શટર. શટર ઉંચું કરો એટલે કડડડ કડડડડ અવાજ આવે. રામ ગોપાલ વર્માની ફિલ્મ જેવો સિન. આલ્ફ્રેડ હિચકોક કે રામ સે બ્રધરની ફિલ્મો પણ આટલી ભયાવહ અસર નહીં ધરાવતી હોય!! ગોડાઉનની અંદર ચોવીસ કેરેટનું હોલમાર્ક ધરાવતું આઈએસઓ ૯૦૦૧ પ્રમાણિત પ્રગાઢ તિમિર.વિષુવવૃત્તના ટ્રોપિકલ ફોરેસ્ટમા પણ કયાંકથી પ્રકાશ પ્રવેશતો હશે!! રાજુ રદીએ અબડીયું ખાધું . ગોડાઉનની છત પરથી પારેવું પાંખ ફફડાવતાં( ગિરધરલાલ પક્ષીઓ પાંખ ફફડાવે તો જ ઉડી શકે!! ખાલીપીલી મગજની નસોના નિકર ખેંચો છો!!!) ઉડયું. ભયનું લખલખું આવી ગયું . જેવી આવડે એવી હનુમાન ચાલીસા શરૂ કરી!!રામ રક્ષાસ્ત્રોત પણ રટવા લાગ્યા.

ખબર પાકી હતી! આ ગોડાઉનમાં આશ્રર્ય લઈ રહ્યા હતા. એટલે બખડજંતર ચેનલના સર્વેસર્વા બાબુલાલ બબુચકે એકસકલુઝિવ ઈન્ટરવ્યુ લેવા અમને ધકેલ્યા હતા!! એમને શોધવા મોબાઈલની ફલેશ ચાલું કરી!! પ્લાસ્ટિકની ક્રેટમાં સાંકડમુકડ ગોઠવાયેવા.ચહેરા લેવાઈ ગયા હતા.(મેક અપ વગરની હીરોઈન કે મોડેલને ચર્મચક્ષુથી નિહાળવી એ પણ પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃતિ છે!!!) ગાલમાં ખાડા પડી ગયા. ચહેરા પરથી ભાવવધારાની લાલી ગાયબ થયેલી !! માનો કે ઉંમર પાંચ વરસ વધી ગયેલી!!બળેલી દીવાસળી જેવી હાલત. ઢઢ્ઢો તૂટેલ પતંગ સમજો!!ટમેટા ભાવ વધારાના આકાશથી નીચે ગબડેલા , લબડેલા , ચીમળાયેલા, અકળાયેલ, કરમાયેલા, લજ્જા પામી સંકોચાયેલ એકલા અટુલા હતા.આવી લાચારી દુશ્મન( અમને ખબર છે કે તમે તમારી મતિ મુજબ રાહુલ ગાંધી કે વિશ્વ વલ્લભને દુશ્મન માનો છો, ખરું કે નહીં?? ખોટું બોલો તો માયાવતી બુઆ ,મમતા દીદી, વિસ્મૃતિ ભાભીને તમને અંશતઃ સોગન છે !!)

રાજુએ કેમેરાથી ફોટા પાડવા માંડ્યા !!કેમેરાની ફલેશગનની લાઈટથી ભડકી ગયા. “ નો ફલેશગન પ્લીઝ!! લાઈટથી બીક લાગે છે. લાઈમલાઈટની એલર્જી થઈ ગઈ છે!! પ્લીલીલીઈઈઝ !!’’ એણે બે હાથ જોડી વિનંતી કરી,

“ મિસ્ટર ટમેટાજી. હાઉ ડુ યુ ફિલ ??’’ અમારો પરિચય આપી ઈન્ટરવ્યુનો આરંભ કર્યો!!

“ કંકોડા ફિલ કરવાનું ?? ઉપરથી પડીએ પછી ઢીંઢા ભાંગ્યા હોય તેવું લાગે છે.અધૂરામાં પૂરું માઈકના ભૂંગળા લઈને તમે ચેનલવાળાઓ દોડ્યા આવો છો!તમે દાઝ્યા પર ડામ આપો છો. યુક્રેન સરહદે ઈન્ટરવ્યુ લેવા જાવ છો ખરા??!!!’’ ટમેટાએ ફળફળતો નિસાસો નાંખતાં કહ્યું.

“ તમે પંદર રૂપિયે કિલોથી ત્રણસો રૂપિયે કિલો થયા ત્યારે તમારા મનમાં શી ફિલિંગ હતી?? અમે સણસણતો સવાલ કર્યો!!

“ નાનું બાળક ફજેતફાળકામાં ઉપર પહોંચે ત્યારે જે ફિલ થાય એવું ફિલ થયેલ. કાળા માથાનો માનવી શું ન કરી શકે એવું કહેવાય છે! અમે લાલ માથાના ટમેટા છીએ. અમારા આત્મગૌરવ અને આત્મસન્માનને ભાવ વધારા મારફત જેમણે પણ સમર્થન આપ્યું છે એ તમામના આભારી છીએ!! અમે મિડીયા મારફત એમનો આભાર માનીએ છીએ !!’’ ટમેટાએ કૃતજ્ઞતા વ્યક્ત કરી!!

તમારી સફળતા કોને આભારી હતી??’’ અમે વધુ એક સવાલ પૂછ્યો.

“ ઓફ કોર્સ અમારી જ. કોઈ પુરૂષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોવાનું કહેવાય છે. નિષ્ફળતામાં એકથી વધુ સ્ત્રી જવાબદાર હોય છે એમ કોઈ કહેતું નથી.અમારી સફળતામાં ખેડૂત, સરકાર, વેપારી,આડતિયા,સંગ્રહખોર, સટોડિયાઓ સૌનો સાથ સૌનો વિકાસ સૂત્રને મજબુત કરી રહ્યા હતા. અમને તો ચંદ્રયાન-૩ ની માફક ચંદ્ર પર પહોંચી જઈશું એમ લાગતું હતું. વીસના સીધા એક હજાર રૂપિયા ભાવ થાય એટલે પાંચ હજાર ગણો વિકાસ! આટલો તો જય શાહે વિકાસ કર્યો નહીં હોય!!’’ ટામેટાએ પોરસાતા કહ્યું!!

“ તમારા ભાવ વધવાથી લોકોને નુકસાન થયું કે નહીં??’’ અમે બાઉન્સર ફેંકયો !!

“ ભાઈ ગિરધરલાલ થોડાને તકલીફ થઈ હશે. નેતાજીના સડેલા ટમેટા ( ટમેટાંના વધેલા ભાવમાં સડેલા ટમેટાંના નાંખી દેતાં સો સવાસો ભાવ આવે!!) જેવા ભાષણો પર ટમેટા ન ફેંકો. એ વાત બરાબર છે. પરંતુ, ઈંડાના ભાવ કયાં વધ્યા છે?? નેતાજીના ભાષણથી કંટાળીને કચીકચીને ઈંડા મારો. ઝોલાછાપ કવિની કવિતાને ટમેટાથી વધાવવાની કયાં જરૂર છે?? એકાદ વરસ ટમેટાનું શાક, સલાડ, બર્ગર વગેરેમાં ટમેટા ન હોય તો હેલ્થ સુધરશે!?’’ટમેટાએ લાંબી વાત કરી.

“ મિડીયા પાસે શી અપેક્ષા છે??’’અમે ટમેટાની કોર્ટમાં દડો નાંખ્યો .

“ મિડીયાથી ગંગુ તૈલીને પણ અપેક્ષા નથી તો અમને શું હોય?? ટમેટાએ મોકે પે છગ્ગો લગાવ્યો!!

“ વોટ એબાઉટ ઓલ માઈટી ગર્વન્મેન્ટ ??’’ અમે સવાલ આગળ કર્યો.

“ અમારી તમામ આશા સરકાર પર છે.અમારા એકવાર ભાવ વધે તે પછી પાંચ વરસ અમારા ભાવ ન ઘટે તે માટે સરકારે નક્કર પગલાં લેવા જોઈએ. ટમેટા ભાવવૃધ્ધિ અમધારણ રિવોલ્વિંગ ફંડ ઉભું કરવું જોઈએ. તેની રકમ દસ લાખ કરોડથી ઓછી ન હોવી જોઈએ. બીજી બાજુ દરેક વ્યક્તિએ મોંઘા ભાવના એક કિલો ટમેટા ખરીદ કરવા અને વપરાશ કરવાનું ફરજિયાત કરવું જોઈએ. લગ્નમાં કન્યાને કરિયાવરની જેમ ટમેટાવર આપવું જોઈએ. સ્ત્રી ધનની જેમ ટમેટાધન પર કન્યાનો અબાધિત અધિકાર આપવો જોઈએ. આપણે કમળને રાષ્ટ્રીય ફૂલ, હોકીને રાષ્ટ્રગીત રમત, વાઘને રાષ્ટ્રીય પશુ જાહેર કરેલ છે. એ ધોરણે અમને રાષ્ટ્રીય શાક જાહેર કરવું જોઈએ. કોઈ અમારા રાઈઝ ફોલની બુક લખે અને એ બુકને નોબેલ મળે તેવી પણ ટમેટાતમ ઈચ્છા છે!!’’ કોઈ ખરતા તારાની સાક્ષીએ વિશ વ્યક્ત કરે તેમ ટમેટાએ ટીડા જોશીના લાંબાલચક ટીપણા જેવી માંગણી રજૂ કરી!!

“ તુવેરદાળ, સિંગતેલ , ડુંગળી , આદુને શું સંદેશો છે??’’ અમે છેલ્લો સવાલ કર્યો.

“ લુક. મિસ્ટર ગરબડીયા. લાખો નિરાશામાં ભાવ વધવાની અમર આશા હોય છે. એવરી કલાઉડ હેઝ સિલ્વર લાઈનિંગ. ભાવ વધારો કરવાની કોશિશ કરનારની હાર હોતી નથી. ભાવ વધવા બાબતે હમ હોંગે કામિયાબ હર દિન!! વિલ વિલ ફાઈન્ડ એ વે!! કુદરતી કે કૃત્રિમ હોય તો બસો-ત્રણસો થી ત્રણ હજારે પહોંચી શકાય!! ઓલ ધી બેસ્ટ!!’’એમ કહી ટમેટાએ ઈન્ટરવ્યું પૂરો કર્યો!!

ભરત વૈષ્ણવ

## ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભારતમાં ‘નેશનલ ન્યુટ્રીશન વીક’ મનાવવામાં આવે છે.

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભારતમાં ‘નેશનલ ન્યુટ્રીશન વીક’ મનાવવામાં આવે છે. જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા લોકો પણ એમની સાથે જોડાયા છે. ભારત દેશમાં તો પશુ-પક્ષી-પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ?મી માટે ઘુવડ, શીતળા માતા માટે ગધેડો, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે :

? વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ આનાથી ઘણા વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક પણ વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી જ શકે છે.? શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.

? શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. શાકાહારનાં સેવનથી માનવશરીર બિનજરૂરી ચરબીનાં જમા થવાથી બચી જાય છે. હા, એ વાત અલગ છે કે સ્વસ્થ વ્યક્તિ અગર ચીઝ, જંક ફૂડ અને કોલ્ડ-ડ્રિંક્સનું ખાન-પાન ચાલુ રાખે છે, તો તેને ઘણી બધી આડઅસરો જોવા મળી શકે છે, તદુપરાંત ચરબીનાં થર જામશે એ અલગથી! સ્વસ્થતાનો માપદંડ ગણાતો ’બોડી માસ ઈન્ડેક્સ’ (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે.

? શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે.

? શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે.

? શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્?વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્?વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

? શાકાહાર અપનાવો, રોગ ભગાવો

- મિત્તલ ખેતાણી

---

ચાલવાનું જ્યાં હતું ત્યાં દોડવા લાગ્યા,
આ ચરણ રસ્તાની સાંકળ તોડવા લાગ્યા.

જોયું ભીતર તો હતી મેલી નજર સૌની,
લોક ફોગટ આયનાઓ ફોડવા લાગ્યા.

હસ્તિ મારી ક્ષણમાં કરીને વેર વિખેર,
એ સવારે ટુકડાઓ જોડવાં લાગ્યા.

જ્યાં મે ધરબી’તી ગરિમા અશ્રુઓની ત્યાં ,
સૌ કોઈ આવીને ખીલા ખોડવાં લાગ્યાં.

આ ઝુરાપાની ગલીમાં કૈંક પગરવ થ્યો,
ને ઝખમના તાતણા સૌ છોડવાં લાગ્યાં.

હાથ જે ભ્રૂણમાં જ હણતા દીકરી, એ હાથ,
ચાંદલો રાંદલને ભાલે ચોડવાં લાગ્યાં.

શૈલેષ પંડ્યા નિશેષ (જામનગર)

............................

### સ્પર્શ પુષ્પનો ...!!

અલૌકિક ને મધુરો છે એ ગુલાબના સ્પર્શનોય સ્પર્શ,
જીવનની મધુરવેલીના પુષ્પનો છે અદકેરો એ સ્પર્શ.

દેખતાંની સાથે જ અદભૂત રોમાંચને પ્રેરે એ પુષ્પ,
નજર એના મુખ કમળે જતાં ગાલે ફરે છે એ સ્પર્શ.

નાજુક નમણી આંખો સાથે નજરને ઠારે એ પુષ્પ,
કુણા કુમળા હસ્તની મુઠ્ઠીમાં ભાવિ ધરતો એ સ્પર્શ.

સપ્તરંગી એની સૃષ્ટિમાં રમી રહ્યું અનેરું એ પુષ્પ,
બંધ આંખે ને હસતાં ઓષ્ઠે ભાળી રહ્યું સૃષ્ટિ સ્પર્શ.

કેટલાય ભાવિ સ્વપ્નો થકી નિર્માયું હતું એ પુષ્પ
એના નયનમાં રમી રહ્યો હતો નિરાળો એવો સ્પર્શ.

’મૃદુ’ મતે વેલ બનીને લહેરાય રહ્યું એ લહેરી પુષ્પ,
હસ્તથી નજરમાં વરતાય દિલેરી પુષ્પનો એ સ્પર્શ.

મહેન્દ્ર અમીન ’મૃદુ’, ફ્લોરિડા (યુ.એસ.એ)

પપપપપપપપ.

### જિંદગી બની ગઈ તું

પ્રેમમાં તું પાગલ જિંદગી બની ગઈ તું,
વાગતી જે પાયલ જિંદગી બની ગઈ તું.

ફૂલ માફક ખીલી તું જ તો રહી દિલમાં,
એકદમથી ચાહત જિંદગી બની ગઈ તું.

એમ લાગ્યું સાથે આજ તો જવાનીચે,
ઝગમગી ને પાવન જિંદગી બની ગઈ તું.

શું વિચારું મનમાં?પ્રેમથી જ દિલવાલી,

ચાહતી તું અંગત જિંદગી બની ગઈ તું.
પામવાને આતુર રંગમાં સદા "સાવન",

શું સમજવું આગળ?જિંદગી બની ગઈ તું.

?હિતેશ આર. પટેલ "સાવન"?

બારડોલી

પપપપપપપપપપપપપપ

★વાહવાહી એમની હું સાંભળીને છક હતો ,

એમણે વાંચી ગઝલ જે એનો હું સર્જક હતો.

હાથમાં પથ્થર લઈને એ ધસી આવ્યો ખુદા,
નામ તારું પર જુબાં ,પણ કેટલો ઘાતક હતો!

ફૂલ મુરઝાયું એ પાને પ્રેમનું શીર્ષક હતું ,
વારતાનો અંત એનો કેટલો દાહક હતો !

એ મળ્યાં વર્ષો પછી ઓળખ છુપાવી ને મને ,
વાત ચર્ચાશે દગાની એટલો બસ શક હતો .

આત્મવિલોપન થયું ત્યાં ભીડ મૂક દર્શક હતી!
માણસાઈ પર કરાતો પણ ગુનો સાર્થક હતો .

કર્મનાં સિદ્ધાંતમાં કોઇ રંક ને રાજા નથી ,
દરબદર ભટકી રહ્યો છે એક દી શાસક હતો .

શ્વેતલ શાહ ’સંકેત’(અમદાવાદ )

પપપપપપપપપપપ

### ગઝલ.

### પ્રેમ નો વરસાદ.

ફૂલ ખીલ્યાં ઉપવને જ્યાં મ્હા’લવાની મોજ છે!
પ્રેમના મારગ ઉપર આ ચાલવાની મોજ છે!

કેટલા ઝૂર્યા વિરહના તાપ ’ને ઉકળાટમાં,
છાંટણા ભીંજવે મિલનના માણવાની મોજ છે!

બાર ખાંગા થઇને વરસે મેઘ તારા હેતનો,
આપના આલિંગનો માં ડૂબવાની મોજ છે!

સાવ સૂક્કીભઠ હતી દિલ ની ધરા સદીઓથી જે,
તીવ્રતમ તૃષા ધરાને બૂઝવાની મોજ છે!

શાક કારેલા નું શાને? પીરસું ઘીનો શીરો,
આવ રે વરસાદ! મારે ભીંજવાની મોજ છે!

કર સજીવન તું ફરી "બેદાર"ના દિલની ધરા,
મન મૂકીને લાગણી વરસાવવાની મોજ છે!

બેદાર ખાનપુરી.ઇલ્યાસ પટેલ.

.....................................

### નથી

સરનામું સુખનું શોધું છું મળતું નથી.
ઠેકાણું એનું કોઈને જડતું નથી.

કોશિશ કરું છું હું ઘણી કાયમ પ્રભુ,
કોઈ સપન મારું હવે ફળતું નથી.

મળતી નથી એમજ સફળતા કોઈને,
મહેનત વગર તકદીર કઈ ફરતું નથી.

બેચેન છે દિલ તમને જોયા ત્યારથી,
મારી નજરમાં બસ કોઈ ઠરતું નથી.

છે એની આંખોમાં નશો અતિ પ્રેમનો.
એના વગર દિલ ક્યાંય પણ ઢળતું નથી.

મૃદુલ શુકલ (મૃદુલ મન) દહીસર મુંબઈ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-




### NOG SS No- 354

વિષય:- બંધન તુટે ના
શીર્ષક:- "બંધન"
પ્રકાર:- ગદ્ય   શબ્દ સંખ્યા:- ૧૭૭

------------

બંધન તૂટે ના,
રિશ્તા યે છૂટે ના .
યે બાંધ જો તૂટ જાયેગા ,
રિશ્તા ભી સાથ મેં છૂટ જાયેગા.
ઈસ લિયે કહતી હું બંધન રહેને દો...

પ્રેમ હોય ત્યાં બંધન ગમે અને ધૃણા હોય ત્યાં બંધન બોજ લાગે. ગમતી વ્યક્તિનું  વળગણ હોય ત્યાં સુધી તેની લાગણીથી બંધાઈ રહેવાની મજા છે. એ વળગણ જ જીવનનો આસ્વાદ છે. સ્વ અને સર્વસ્વની અનુભૂતિ છે. કોઈ વ્યક્તિ આપણી પર હક જટાવે, આપણને ખોટા હોઈએ તો બિંદાસ્ત રોકે અને ટોકે, આપણી કાળજી કરે, જરૂર પડ્યે ઠપકો પણ આપે એ બધું જ ગમે કારણ કે તેમાં પ્રેમની સર્વોપરિતા છે. પ્રેમનું બંધન છે. ફૂલ અને સુવાસ વચ્ચેનું બંધન છે જેમ.

પણ એનાથી વિપરીત, જ્યાં પ્રેમ નથી, જ્યાં બે વ્યક્તિ વચ્ચે લાગણી નથી કે નથી કોઈ ભાવાત્મક સંબંધ એવી પરિસ્થિતિમાં એક વ્યક્તિનું વર્તન બીજી વ્યક્તિની ખુશીનું બલિદાન આપતું બંધન બની જાય છે . એક કેદીને બેડીઓનું બંધન હોય જેમ.

તો હવે આપણે વિચારવું રહ્યું કે આપણે કેવું બંધન રચવું છે? કોઈ પણ સંબંધના ઉછેરમાં માવજત જરૂરી છે. માળી બગીચાની માવજત કરે છે એને સુંદર બનાવવા અને કસાઈ બકરાની માવજત કરે છે એને ઋષ્ટપુષ્ટ બનાવવા.... બંનેમાં અંતર છે.

-------

રેશ્મા પટેલ "રેશમ"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No : 346

વિષય : બંધન તૂટે ના
શીર્ષક : પ્રેમનું બંધન
પ્રકાર : ગદ્ય. શબ્દો : ૩૫૦

જીવનમાં સાચી રીતે જો કહીએ તો પ્રેમ એક એવી લાગણી છે જે માત્ર અનુભવ કરવાથી પણ જીવને શાંતિ અને હૂફ અનુભવાતી હોય છે. જીવનમાં કોઈ પણ વ્યક્તિ રાધાકૃષ્ણના પ્રેમથી કોઈ પણ અજાણ નથી. પણ ખરા અર્થમાં રાધાકૃષ્ણનો પ્રેમ ઘણાખરા વ્યક્તિઓ જીવનમાં સમજી શકે તેમ નથી.

રાધાજીએ તેમનું પૂરું જીવન શ્રીકૃષ્ણને માત્ર સ્મરણ તેમજ કૃષ્ણને યાદ કરીને પસાર કર્યું હતું. રાધાજીએ શ્રીકૃષ્ણને ક્યારેય પણ ધર્મનો માર્ગ સ્થાપવા માટે રોક્યા ન હતા અને કદાચ એ સમયે રાધાજી કૃષ્ણને રોકી લેત તો આપણને જીવનમાં કદાચ ભાગવતગીતા ના મળી શકત. કળિયુગમાં રાધાકૃષ્ણ જેવો પ્રેમ ક્યાંક પણ મુશ્કેલીથી જોવા ન મળી શકે.

આજના પ્રેમીઓ માત્ર પ્રેમીનો સાથ ન મળવાથી કે માઠું લાગી જવાથી પોતાનું જીવન ત્યાગી દેતા હોય છે. પણ ખરા અર્થમાં આ પ્રેમ નથી હોતો. તે માત્ર એક મોહ તેમજ સ્વાર્થવૃત્તિ હોય છે. પ્રેમ હંમેશા પેહલા અન્યનું સુખ ઈચ્છે છે અને પછી પોતાનું. ભલે પછી અન્યનું સુખ પહેલા જોતા આપણને દુઃખ પણ કેમ ન મળે.

રાધાકૃષ્ણના પ્રેમથી જીવનમાં આજ શીખ લેવા જેવી બાબત છે.

પ્રેમ માત્ર વ્યક્તિથી જ નથી થતો પણ આપણી આસપાસ રહેલા તમામ સજીવોથી થઈ શકે તેમ છે. તમારામાં તેમજ અન્યમાં રહેલા ઈશ્વરથી પણ પ્રેમ થઈ શકે તેવું છે. બસ પ્રેમને સહજ સમજવાની જરૂર છે. કોઈક તમારી આસપાસનો જીવ ભૂખ્યો હોય તો તેને ભોજન જમાડવું અથવા કોઈક વનસ્પતિને પાણી આપવું તેમજ તેનું જતન કરવું એ પણ તમારો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ જ સાબિત થાય છે. કોઈપણ વ્યક્તિની જીવનમાં માત્ર મનમાં પણ નિંદા ન કરીને, કોઈક અન્યને આપણાથી વધારે સફળ ખુશ જોઈને પણ આપણે તેનું પુરા મનથી હિત જ ઈચ્છવું એ પ્રેમ જ છે.

જીવનમાં જો એકવાર પોતાના અંતરાત્મામાં જો પ્રેમ જન્મી જાય તો સમજી લેવો કે તમે ઉપરવાળા માલિકને એટલે કે પ્રભુ, ગિરિધર, પરમાત્મા તમે તેને જે પણ કહો તેના પ્રેમને તમે પામી લીધો છે. તેમનો પ્રેમ માત્ર ને માત્ર તમારું કલ્યાણ જ કરશે એ સનાતન સત્ય છે. કોઈપણ જીવને વગર છલ, કપટ એ પ્રેમ કરો તો ઉપરવાળો તમારાથી ખુશ થાય જ છે.

જીવનમાં પ્રેમ પણ ત્યારે જ થઈ શકે છે જ્યારે તમે ઉપરવાળા માલિકના પ્રેમને પામવા યોગ્ય બનો છો. આથી જ પ્રેમનું બંધન ક્યારેય પણ વિસરાય નથી જતું કે નથી તે બંધન તૂટી જતું. તે હંમેશા પોતાના અંતરઆત્મા અને ઈશ્વર સાથે અનેક જન્મો સુધી બંધાયેલું રહે છે.

લેખિકા : ધિનલ એસ. ગાંવિત (વલસાડ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NGO SS NO. 209

વિષય : બંધન ના છૂટે?

બંધન બંધનમાં ફેર છે,છોડવું કે બાંધવું એ પોતાનાં પર નિર્ભર છે. છોડવાં સાંસારિક બંધન,રહેવું અલિપ્ત, પરમાત્માં સંગ,બંધન એ ના છૂટે.

જેમ રાધા ને મીરા બંધાઈ કૃષ્ણ સંગ,મન મારું બંધાય કૃષ્ણ સંગ,
ન છૂટે મારાં ભક્તિનાં બંધન,રહુ કૃષ્ણમાં હું મગન.

સાગર- સરિતા,ધરતી-આકાશ, રહે સંગસંગ, છે આ અતૂટ બંધન,
આત્મા ઝંખે પરમાત્માંનો  સંગ,બંધન રહે સદા આ અખંડ.

'સ્વધા'કર ભક્તિ એવી રહે પરમાત્માં તુજ સંગ,
રહે અખંડ બંધન,ન છૂટે બંધન,રહે ભક્ત ને ભગવાન સંગ.

સુધા જે.પુરોહિત , ★ સ્વધા★ હોનોલુલુ અમેરિકા.

### NOG SSN 0089

વિષય બંધન છૂટે ના
પ્રકાર : ગદ્ય
શીર્ષક. જન્મો જન્મ ના
પ્રવિણા કડકિઆ

———————-

જે બંધન જન્મો જન્મ ના હોય છે તે પ્રાણ જાય ત્યારે ટૂટે. જેને આ જન્મના અટૂટ બંધન હોય છે.

એ બંધનની ગાંઠ ઘણી મજબૂત હોય છે. જે ભલેને સૂતરનાં તાંતણે બંધાયા હોય તોડવા શક્ય નથી.

ભાઈ બહેનના બંધન લોહીથી બંધાયા હોય. તેમાં વાવાઝોડા આવી શકે અંતે પાછા સંધાઈ જાય .

કહેવાય છે ને ડાંગે માર્યા પાણી છૂટા ન થાય . કુટુંબમાં પણ સંબંધોમાં ભરતી ઓટ આવે અંતે શાંત થઈ જાય.

૨૧મી સદીમાં માનવી ધીરજ, સમતા જેવા શબ્દોની જોડણી તેમજ અર્થ ભૂલી ગયો છે. જેને કારણે સંબંધ ધરતીકંપના આંચકા સહે છે. અંતે વિચાર કરતાં ભૂલ સમજાય અને પાછો સાચા માર્ગે આવી જાય છે.

જે સંબંધમાં સ્વાર્થની માત્રા ઓછી એ સંબંધ લાંબો સમય ટકે. તેમાં પાવનતાના દરશન થાય.
સંબંધમાં " કરી છૂટવાની" ભાવના ભળે ત્યારે તેમાં છુપાયેલ લાગણી ખળખળ વહેતી જણાશે.

સંબંધના છોડને પાયામાં પ્રેમનું ખાતર અને લાગણીના જલનું સિંચન કરજો. જીવનનો બાગ મઘમઘી ઉઠશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### Nog Ss No: 229

પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૩૫
વિષય : બંધન છૂટે ના
શીર્ષક: સ્નેહ બંધને સબંધની      સજાવટ
લેખક : "પ્રપાશી" પરેશ મ. પાઠક

"બહુરત્ના વસુંધરા"ની પરિકલ્પના આકાશ ,પૃથ્વી, બ્રહ્માંડ અને પાતાળના સમગ્ર સજીવ સૃષ્ટિના ચોર્યાસી લાખ પ્રકારના જીવોની અનોખી વિવિધતા દર્શાવે છે.પ્રભુના અન્ય સર્જનો પોતાની જ પ્રજાતિના અન્ય સજીવોથી કેટલીક બાબતોમાં સામ્યતા અને વિભિન્નતા ધરાવતા હોવા છતાં કેટલાક અંશે પરસ્પર અતૂટ બંધનોથી જોડાયેલાં રહે છે.

સુંવાળું સમૂહ જીવન એ દરેક સજીવનો સ્વાભાવિક ગુણ હોવા છતાં ઘણીવાર એકબીજાનું ધાર્યું ન થતાં સંઘર્ષનો પણ જન્મ થાય છે.પરંતુ અણધારી વિપરીત પરિસ્થિતિ દૂર થતાં અને સંજોગો સાનુકૂળ થતાં ફરી પાછા એક મેકનો સંગાથ, સહવાસ, સગપણ અને લાગણીના અંકુર ફૂટતા પૂર્વવત બધું બની જાય છે.

માનવીએ ઈશ્વરનું અતુલનિય સર્જન હોવાથી તે વ્યકિતગત,સામાજિક ,પ્રાદેશિક, કલાત્મકસાંસ્કૃતિક ,પ્રગતિ, રીતરિવાજો અને દેશપરદેશના અદભુત રંગે રંગાઈ જાય છે.તેથી તો આજના માનવી પોતાના ગમા અણગમાંને ધ્યાનમાં રાખીને વિવિધ સંબંધો બાંધે ,નિભાવે ,સાચવે, દીપાવે અને સમાજસેવા માટે પણ તેનું જતન કરે છે.

પરંતુ ક્યારેક      કોઈક સંબંધોમાં ખોટી , ગેરકાયદેસર , નાપસંદ અને અઘટિત સંજોગો સર્જાય તો કાળચોઘડિયા સર્જાય તેમજ ઘાતક બનાવો ન બને  તે માટે પોતાની દુનિયાને બચાવવા આવા સંબંધોનો અંત પણ લાવે છે.

અલબત્ત માં-બાળક, ગુરુશિષ્ય ,ભક્તોભગવાન,ધરા-ગગન,પતિ-પત્ની અને ભક્તિનું શક્તિ સાથેનું સગપણ કોઈ અલૌકિક તાંતણે
બંધન બંધાઈ જતું હોય છે.માત્ર આ સંબંધોની સુવાસ સમાજમાં ફેલાયા કરે તો આ બંધનો વિશ્વને સ્વર્ગ સમાન બનાવી શકે છે.હકીકતમાં તો જ્યારે વ્યક્તિઓના મનમાં એકમેકને સમજીને પ્રેમ લાગણી વચન સહવાસ વિશ્વાસ અને સંવેદનાની મીઠી મધુરી મોરલી વાગે છે ત્યારે અનોખું સંગીત ગુંજે છે અને ત્યારે તેઓ કોઈ સુવાળા સંબંધોના સગપણમાં બંધાય છે.

માનવજાતમાં પૂરતા ,સમજણ ,શાણપણ, શિક્ષણ સંસ્કાર તેમજ વિશાળદ્રષ્ટિ કોણથી અનોખા સંબંધોના બંધન બંધાતા વિવિધ નામો પણ અપાતા હોય છે.અને અનુકૂળ હોય ત્યાં સુધી નિભાવાય છે.પરંતુ ક્યારેક આવા સંબંધોમાં ,પ્રેમ ,લાગણી, સમજણ અને એકબીજાની જરૂરિયાત કાળક્રમે વિલિન થઈ જાય તો તે સંબંધોના વિચ્છેદ પણ થઈ જાય છે.

મજબૂત સંબંધોમાં સ્નેહની સંમોહન શક્તિ એટલી બધી પ્રબળ હોય છે અને એકબીજાને માફક આવી જાય છે કે આ બંધનો નિભાવવા માટે જન્મોજનમ અંતરના કોલ અપાઈ જાય છે.દરેકના જીવનમાં પ્રેમના પરિમલની સુવાસ રમત હોવાથી માનવીનું જીવન સ્નેહાળ સંબંધોના બંધનથી બંધાયેલું સચવાયેલું અને સુરક્ષિત રહે તે માટે પરસ્પર આપણે પણ સહકાર આપી સશક્ત ,સ્વાવલંબી અને પ્રેમાળ રહેવું જોઈએ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No. 347

વિષય:- બંધન છૂટે ના
શિર્ષક:- હું અને મારું ગણિત
શબ્દો:- ૭૩. પ્રકાર:- પદ્ય

લાગે જ્યારે કોઈની માયા,
બંધાય જાય કોઈ અજાણ્યું બંધન.
કરે ઈચ્છા સૌ કોઈ એવી,
છૂટે ના આ બંધન ક્યારેય!
જાણ્યે અજાણ્યે બંધાય સૌ,
કોઈકને કોઈક સંબંધોનાં બંધનમાં!
લાગી આવી જ માયા મને વર્ષો પહેલાં,
બંધાય ગયું આ અજાણ્યું બંધન એવું,
કરું ઈચ્છા સદાય એવી,
છૂટે ના આ બંધન મારું ક્યારેય!
બંધન મારુ અતૂટ એની સાથે.
બસ, રહીએ સદાય સાથે અમે.
હું અને મારી સાથે મારું 'ગણિત'??
છૂટે ના મારું બંધન ગણિત સાથેનું ક્યારેય!

સ્નેહલ જાની....સુરત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 170

વિષય: બંધન છૂટે ના
શીર્ષક: અશરણ ને શરણે.
પ્રકાર: પદ્ય.   શબ્દો : ૧૭૧

બંધન વંદન કંઈ ના જાણું; જાણું તું જ સંગ પ્રીતિ,
શ્વાંસે શ્વાંસે બસ સ્મરણ તારું એજ અમારી રીતિ.

વિરહે આંખો મીંચી નીચે ઉપર; ઉપર નીચે થાતો,
મન ફળિયામાં આખો દી બસ તારી જ મારી વાતો !

નાદ અંતરમાં અનહદ જાગે; પછી ડુંસ્કે ડુંસ્કે  રો'તો,
તું જ માં ખુદને એક કરવા હું કાલાવાલે કરગરતો.

કાલી નાગનું મર્દન કરનાર મારું કે 'દિ કરશે ?
રાવણના જેમ દશ શિર હર્યા મારું કે 'દિ હરશે !

માથું ઉતારી તવ ચરણે ધરું; તું શર પાંવ ધરજે
બલીનો ઉદ્ધાર કરનારા, તારા 'વિનુ'ને શરણે લેજે.

- વિનયકુમાર મહેતા. 'વીનુ'
- મ.શિ.
- (દાંતી માધ્યમિક શાળા દાંતી. જી. નવસારી.)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 224

વિષય :- "બંધન છૂટે ના"
શીર્ષક :- મુક્ત બંધન
પ્રકાર :-પદ્ય - શબ્દ :-૨૯૧

આજકાલ જોઈએ તો કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતનું બંધન સ્વેચ્છાએ ગમતું નથી. બધાને પોતપોતાની મરજી મુજબ સ્વતંત્રતાથી અને સ્વૈરવિહારી થઈને જીવન જીવવાની છાની છાની અભિલાષા છે. મોટાભાગના પરાણે, ડરથી કે લોકલાજથી ગાડરિયા પ્રવાહની જેમ પોતાનું જીવન ઢસડે જાય છે.

સંયુક્ત કુટુંબ વીખરાઈ ગયા છે. ક્યાંક ક્યાંક છે, તો ઘણી જગ્યાએ ભારરૂપ લાગે છે. પરસ્પર સહજીવન ગબડાવ્યે રાખે છે. આર્થિક, સામાજિક, નૈતિક, શારીરિક, માનસિક, મતલબી વૃત્તિ એવા અસંખ્ય કારણો હોઈ શકે છે. જો એમ ના હોત તો ઠેકઠેકાણે વૃધ્ધાલય ના ઊભરાતા હોત. બહુ જૂજ પરિવાર એવા હશે કે જ્યાં પરસ્પર પાત્રો હેતાળ બંધનથી જોડાયા હોય, અને જોડાઈ રહેવા માંગતા હોય.

પરસ્પરના પ્રેમ, કર્તવ્ય, જવાબદારી હંમેશા પવિત્ર અને શ્રદ્ધેય હોવા જોઈએ. દરેક સંબંધમાં 'મુક્ત બંધન' હોવું જોઈએ. સંસ્કારિક સ્વયં શિસ્તબદ્ધતા હોવી જરૂરી છે, નહીં કે તાનાશાહી. માનવીય મૂલ્યોની જ્યાં સમજ છે, ત્યાં કદી બંધન અનુભવાતા નથી. બલ્કે, સંબંધની સાંકળ એક અનોખા સ્નેહરૂપી સેતુથી જોડાયેલ હોય છે.

જેમ, મંદિર કે ઈમારત અસંખ્ય પાયા/થાંભલા પર હેમખેમ ઊભા હોય છે, જેને કોઈ ડગમગાવી નથી શકતા. અને આ પાયા/થાંભલા એકદમ પાસપાસે નહીં, પરંતુ થોડા થોડા અંતરે ઊભા કરેલા હોય છે. અને એના પર મંદિર/ઈમારત ટકેલા હોય છે. એ જ રીતે, પતિ-પત્ની, પ્રિયા-પ્રિયતમ, મા-બાપ અને સંતાન એવા દરેક સંબંધમાં જો પરસ્પર પૂરતો અવકાશ આપવામાં આવે તો એ સંબંધમાં ભાગ્યે જ કડવાશ આવશે. અને એવા મુક્ત બંધનથી રચાયેલ, નિભાવેલ સંબંધમાં બંધન કદી છૂટશે નહીં. એકબીજાની પ્રગતિ, વિકાસ માટે આવું વિશ્વસનીય અને શ્રદ્ધેય મુક્ત બંધન અતિ આવશ્યક છે. જે બંધન જોર જબરદસ્તીથી લાદવામાં આવ્યા હોય કે સ્વીકારવામાં આવ્યા હોય, તેવા બંધનને તૂટવામાં વાર લાગતી નથી. અને જ્યારે આ બાબતનો ખ્યાલ આવે છે ત્યારે વિશ્વાસભંગની, છેતરાયાની લાગણી ઘેરી વળે છે. અને માણસ નિરાશાની ગર્તામાં ધકેલાઇ જાય છે.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 345

વિષય : બંધન છૂટે ના
પ્રકાર : પદ્ય  શબ્દો : ૮૮
શીર્ષક : લાગણીનું બંધન

આ કેવી છે દુવિધા મન મારું બેચેન છે.
હદય જખ્મીને આંખમાં આંસુ છે.
જીવન નીરસ બન્યું, કલમ પણ મારી અટકે છે.
લાગણીનું બંધન છૂટે ના યાદ ઘણી વસમી છે.
સમજાય ના મુજને વેગ પુરુષાર્થ કે પ્રારબ્ધ છે?
હારી થાકીને કહીશ નસીબ વિના મહેનત પાંગળી છે.
આશા અને વિશ્વાસ તો અતૂટ, શામળિયો વાણોત્તર બની આવતો હોય છે.
બંધન છૂટે ના, લાગણીનું બંધન અતૂટ હોય છે.
હંસા ઝાલા "લાગણી" સુરત

# સપ્ટેમ્બર મહિનાના પ્રથમ રવિવારે બોટાદમાં પુસ્તક પરબ યોજાયું.



ભાવેશ પરમાર,બોટાદ

માતૃભાષા અભિયાન અને શ્રી તખ્તસિંહજી જાહેર વાચનાલયના સહયોગથી પ્રથમ રવિવારે ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે પુસ્તક પરબનું આયોજન 'વડીલોનો વિસામો' તખ્તસિંહજી જાહેર વાચનાલય, નદી કિનારે, પાળિયાદ રોડ – બોટાદમાં યોજાયું હતું. જેમાં ડૉ.માલદેવ એ. કુછડિયા, રત્નાકર નાંગર, ડિમ્પલબહેન, નિલેશભાઈ, કુલદીપ વસાણી, ચાંદની રોજેશરા, વિજય ડાભી વગેરે સાહિત્ય રસિક મિત્રોએ હાજરી આપી હતી. પુસ્તક પરબના કાર્યવાહક બટુક રવૈયા, કુલદીપ ખાચર, રાજેશ શાહ, પારસ જી. ઓગાણિયા, જયેશ પરમાર અને સમગ્ર વ્યવસ્થા સમર્પણ ગૃપના બાળકો દ્વારા સંભાળવામાં આવી હતી.



રાયખડ ભાટિયા પોળ ખાતે આવેલ રાધા કૃષ્ણ મંદિર ખાતે બારશાખ રાજપૂત ક્ષાતિપંચ ના ૩. થી ૧૪ વર્ષ ના બાળકો માટે સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ થીમ સાથે ચિત્ર સ્પર્ધા નુ આયોજન કરવામા હતુ જેમા મોટી સંખ્યા બાળકો જોડાયા હતા . જેમા વિવિધ કેટેગરી મા વિજેતા બાળકો ને ઈનામ આપવા મા આવ્યા હતા આ કાર્યક્રમ મા સમાજ ના લોકો સમાજ આગેવાનો તેમજ મહિલાઓ મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

# લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા ૨૦૦ વિદ્યાર્થીનીઓનું ફ્રી બ્લડ ગ્રુપ અને CBC રિપોર્ટ કરાયા




★પ્રતિનિધિ : થરાદ

થરાદ ખાતે આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (ગર્લ હોસ્ટેલ) ની વિદ્યાર્થીનીઓ નો દર વર્ષે લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા હિમોગ્લોબીન ચેકઅપ કાર્યક્રમ યોજવામાં આવે છે ત્યારે આ વખતે પણ ગતરોજ થરાદ મોડેલ સ્કૂલના ગ્રાઉન્ડમાં આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (ગર્લ હોસ્ટેલ) ની ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓનો બ્લડ ગ્રુપ ચેકઅપ અને સીબીસી રિપોર્ટ કરાવવામાં આવ્યા હતા આ કાર્યક્રમના પ્રોજેક્ટ ડાયરેકટર હેતલબેન પંચાલ હતા અને આ કાર્યક્રમના દાતા રાજેશભાઈ જોષી(નાનોલ) હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં લાયન્સ કલબ ઓફ થરાદ સિટીના પ્રમુખ વશરામભાઈ કે પટેલ દ્વારા બાલિકાઓ ને પ્રથમતો માર્ગદર્શન આપવામાં આવ્યું હતું બાદમાં કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં પ્રમુખ વશરામભાઈ પટેલ, વાસીમખાન પઠાણ, મંત્રી દિનેશભાઈ સુથાર,ખજાનચી દશરથભાઈ સોની,હેતલબેન પંચાલ, મયારામભાઈ જોષી(એસ.વી.કિડ્સ), રાજેશભાઈ જોષી(નાનોલ),ડૉ. રાહુલભાઈ સહિત લાયન્સ કલબના મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા તેમજ લાઈફકેર લેબોરેટરી ના શિવરામભાઈ ચૌધરી, નવીનભાઈ ચૌધરી(મલુપુર) તેમજ મહિલા અને બાળ વિભાગના રેખાબેન પરમાર તેમજ કેજીબીવીના વોર્ડન કમ હેડ ટીચર આશાબેન ચૌધરી,વર્ષાબેન વાઘેલા, આરતીબેન સહિત કેજીબીવી નો સ્ટાફ હાજર રહ્યો હતો. ઉપસ્થિત તમામ મહેમાનોનું કેજીબીવીના સ્ટાફ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# આણંદ જીલ્લા ના શીલી ગામે લઘુ રુદ્ર યજ્ઞ જ્ઞનું આયોજન



- ઉમરેઠ તાલુકા ના શીલી ગામે ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ લઘુ રુદ્ર યજ્ઞ કરવામા આવ્યો . આ યજ્ઞ નુ આયોજન ઓડ ગામ ના યશવંતભાઈ ઉર્ફે લાલજીભાઈ મુખી ધ્વારા કરવામા આવેછે. દરેક મનુષ્ય ના કલ્યાણ માટે યજ્ઞશાળામાં અનેક યજ્ઞો થાય છે. તેમાંથી એક યજ્ઞ કે જેને લઘુરુદ્ર હોમ કહેવાય છે તેને વૈદિક બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ વિધિ-વિધાન સહિત ફલિત કરવામાં આવે છે. તારીખ.૩૧/૮/૨૪ ને શનિવાર ના દિવસે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર હીરા તલાવે શિલી ખાતે લધુ રુદ્ર યજ્ઞ નુ આયોજન કરવામા આવ્યું .લઘુરુદ્ર હોમના આયોજનમાં શિવલિંગને દૂધ, જલ, અબીલ, ગુલાલ, ચંદન, કુમકુમ આદિ દ્રવ્યોથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિધ્વાન શાસ્ત્રી બ્રાહ્મણ મહારાજ ધ્વારા યજ્ઞવિધિ શરુ કરવામા આવી હતી . મંદીર ને ફુલો થી શણગારવામા આવ્યું હતું. મહાદેવ મંદિર શિખરે ધ્વજારોહન કરવામા આવી . વિધીસર પુજા - પ્રાર્થના , આરતી , યજ્ઞ કાર્ય મહાપ્રસાદી જેવા કાર્યો સરસ રીતે સંપન્ન કરવામાં આવ્યા . જે દરેક પ્રકાર ના દુઃખ , મુશ્કેલી જે દૂર કરે છે , નાશ કરે છે તે રુદ્ર છે .અને આવા શિવના રુદ્ર સ્વરૂપને પ્રસન્ન કરવા માટેની સ્તુતિ એ રુદ્રી છે. શિવ ઉપાસના મા લઘુ રુદ્ર યજ્ઞ નુ વિશેષ મહત્વ છે . આજે આ યજ્ઞ કાર્ય કરી શિવ ભક્તો એ ધન્યતા અનુભવી . — - દિલીપભાઈ એસ. પટેલ - ઓડ.( આણંદ).

★વરસાદી વિરામ બાદ જિલ્લા વહીવટી તંત્ર મિશન મોડમાં★

# વરસાદ બાદ અસરગ્રસ્ત બોટાદ જિલ્લાના માર્ગોને મરામત કરવાની યુદ્ધના ધોરણે કામગીરી

બોટાદ જિલ્લામાં વરસાદ બાદ જિલ્લા તંત્ર દ્વારા જનજીવન પૂર્વવત કરવા પૂરજોશમાં કામગીરી કરવામાં આવી રહી છે. અતિવૃષ્ટિની સ્થિતિને પરિણામે જિલ્લામાં બિસ્માર થયેલા રસ્તાઓને મરામત કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાકીદે શરૂ કરવામાં આવી છે. વરસાદી પાણીના પ્રવાહને પરિણામે ધોવાણ પામેલા રસ્તાઓ ત્વરિત મરામત કરી લોક સમસ્યાઓનું નિયત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. જિલ્લાના ખાસ ગ્રામ્ય વિસ્તારોના માર્ગો જેવા કે રાણપુર-અણિયારી કસબાતી રોડ, ઢીંકવાડી રોડ, વહિયા એપ્રોચ રોડ સહિતના માર્ગોની મરામત કરી જનજીવન પૂર્વવત કરવામાં આવી રહ્યું છે.

# સિહોર કે સિતારે ગ્રૂપ દ્વારા લેજેન્ડ ગાયક સ્વ મુકેશજીનાં ગીતોનો કાર્યક્રમ અદભુત સફળતા પૂર્વક યોજાયો






શ્રોતાઓની ઉપસ્થિતિ એજ સફળતાનું પ્રતિક છે

તા ૩૧મીનાં રોજ સિહોરના "ક્રિષ્ના પાર્ટી પ્લોટનાં રંગમંચ પર સ્વ મુકેશજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો કાર્યક્રમ યોજાઈ ગયો જે ચિક્કાર દર્શકોની હાજરી વચ્ચે મુકેશજીનાં અવાજમાં સુરીલા ગાયકો અનિરુદ્ધ જોશી અને જે પી રાવલ, દ્વારા ખૂબ જ જમાવટભરી રજૂઆત સાથે એક એકથી ચડિયાતા ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા તેમજ સાથી ગાયકોમાં હીનાબા ગોહિલ, ડૉ પ્રતિભાબેન ભટ્ટી,ભરત મહેતા ,હિતેશ ત્રિવેદી વગેરેએ પણ દિલડોલ ગીતો પીરસ્યા હતા આ તબક્કે ભાવનગરથી કલાપથ સંસ્થા ના પ્રમુખ અને પૂર્વ સિહોર તાલુકા પંચાયતનાં પ્રમુખ મનુભાઈ દીક્ષિત"ડીગાજી"તેમજ સ્વરાગ કલા સંસ્થાનાં નિલેશભાઈએ પ્રેરક હાજરી આપી કલાકારોનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું આ તબક્કે સત્યપુંજના તંત્રી નાનુભાઈ ડાખરા, અશોકભાઈ ઉલવા ભરતભાઈ મલુકા, અનિલ મહેતા..ભાવનગરના ઘરેણાં સમાન પ્રદીપભાઈ ભટ્ટ(તબલાવાદક)ની ખાસ ઉપસ્થિતિ રહી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન પોતાની લાક્ષણિક શૈલીથી કૃષ્ણકુમાર ડોડીયાએ કર્યું હતું કાર્યક્રમને સફળ બનાવવા સંગીતજ્ઞ પ્રશાંત ભટ્ટ અને નંદીનીબેન ભટ્ટે જહેમત ઉઠાવી હતી



આ અવસરે મેયરશ્રી મીરાબેન પટેલ,સી.જે.ચાવડા,રીટાબેન પટેલ ધારાસભ્યો,મહાનુભાવો ઉપસ્થિત રહી તમામ ડોક્ટર સહિત હોસ્પિટલના સ્ટાફને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી તેમજ ‘જન સેવા એજ પ્રભુ સેવા‘ સમજીને દર્દીઓને સારી આરોગ્ય સેવા મળશે એવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

# કંગનાએ પંજાબમાં ‘ઈમર્જન્સી’ રિલીઝ થવા દેવી હોય તો આ શરત માને, પૂર્વ મુખ્યમંત્રીની ચેતવણી

બોલીવૂડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌત છેલ્લા ઘણા દિવસોથી વિવાદાસ્પદ નિવેદનના કારણે ચર્ચામાં છે, ત્યારે હવે તેની ફિલ્મ ‘ઈમર્જન્સી’ પણ વિવાદમાં આવી ગઈ છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્નીએ કહ્યું છે કે, જો ફિલ્મની રિલિઝ થવા દેવી હોય તો પહેલા જીઁઁઝ પાસે મંજૂરી લેવી પડશે.પંજબના પૂર્વ મુખ્યમંત્રીએ મીડિયા સાથે વાતચીતમાં સ્પષ્ટ કહ્યું છે કે, ‘જયાં સુધી કંગના રનૌતની ફિલ્મ ઈમર્જન્સીને એસજીપીસી એટલે કે શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટિ દ્વારા મંજૂર ન મળે, ત્યાં સુધી રિલિઝ થવા નહીં દેવાય. ફિલ્મમાં શિખ ઈતિહાસ વિશે કંઈપણ દેખાડવામાં આવી રહ્યું છે, તેથી રિલિઝ માટે એસજીપીસીની મંજૂરી લેવી જરૂરી છે. ફિલ્મ નિર્માતા અને કંગના રનૌતને સલાહ છે કે, તેઓ એસજીપીસી પાસે યોગ્ય સર્ટિફિકેટ મેળવ્યા બાદ જ ફિલ્મ રિલિઝ કરે.’તેમણે એમ પણ કહ્યું કે, પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં સાંપ્રદાયિક ભાઈચારો




ખૂબ જ મહત્વનો અને તેને જાળવી રાખવો જરૂરી છે. તેમણે ફિલ્મ અંગે કંગનાને સલાહ આપી છે કે, તેઓ કોઈપણ વિવાદીત બાબતો પર ગંભીરતાથી ધ્યાન આપે. પંજાબનો ઈતિહાસ હિન્દુ, મુસ્લિમ, શિખ અને ઈસાઈ સમુદાય વચ્ચે પ્રેમ અને શાંતિનો છે અને અહીં રમખાણોની કોઈપણ ઘટના બની નથી.

કંગના રનૌતની ફિલ્મ ‘ઈમર્જન્સી’ પહેલેથી જ વિવાદમાં આવી ગઈ છે. ફિલ્મના નામ અને ચિત્ર પરથી સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, આમાં પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના ઈમરર્જન્સી શાસનને દેખાડાયો છે.

ભારે વરસાદ બાદ વાહનચાલકો માટે નવી ’આફત’

# અમદાવાદમાં ભારે વરસાદ બાદ રસ્તાઓમાં વરસાદી પાણી ભરાવાથી પ્રજામાં રોષ

અમદાવાદ, તા : ૨

ગુજરાતમાં ભારે વરસાદ બાદ રોડ રસ્તાઓમાં વરસાદી પાણી ભરાવાની પીડા પ્રજાએ સહન કરી. હવે અમદાવાદ શહેરના ૧૯,૦૦૦ જેટલા ખાડામાંથી પોતાને ઈજા થાય નહી એવી રીતે વાહન ચલાવવાની પીડા ભોગવવાની છે. તડકો નીકળતા વધુ એક પીડાનો ઉમેરો થયો છે. ખાડામાંથી કપચી, માટી અને ધૂળ ઉડવી શરૂ થઈ છે. આ ધૂળ શ્વાસની બીમારી નોંતરી શકે અને અકસ્માત પણ સર્જી શકે. જોકે, મોંઘીદાટ ગાડીઓમાં એ.સી. ચાલુ રાખી, પડદાં પાડી, કાચ બંધ રાખી મદમસ્ત ફરતા અધિકારીઓને પ્રજાની આ હાડમારીનો ક્યારેય લેશમાત્ર ખ્યાલ આવશે નહીં. ભોગવવાનું તો પ્રજાએ જ છે.

અમદાવાદ શહેરના ૨૬૩૫ કિલોમીટરનું રોડ નેટવર્ક ભ્રષ્ટાચારનો સૌથી મોટો અખાડો છે. એમાં પણ વરસાદ પછી પડતા ખાડા અને તેનું સમારકામ સૌથી મોટો બિઝનેસ છે. છેલ્લા ત્રણ વર્ષમાં ચોમાસા પછી શહેરમાં કુલ ૫૫,૦૦૦ ખાડા પડ્યા હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાર સૂત્રો જણાવે છે. આ વર્ષે હજુ વરસાદ પડવા માટે એક મહિનો બાકી છે ત્યારે ૧૯,૦૦૦ ખાડા પડી ગયા હોવાનું પણ આ સૂત્રો સ્વીકારે છે.

શહેરના વિશાળ રોડ નેટવર્ક પાછળ વર્ષે ૧૦૦૦ કરોડ રૂપિયાનો કુલ ખર્ચ બજેટમાંથી કરવામાં આવે છે. આ બજેટમાં નવા રોડ પાછળ તો માત્ર ૪૦૦ કરોડ રૂપિયા કે ૪૦ ટકા જ વાપરવામાં આવે છે. બાકીના ૨૦૦ કરોડ રૂપિયા રિસરફેસ (મરમ્મત, ઘસારા પછીના સમારકામ કે વરસાદી ખાડા બુરવા માટે) અને ૨૫૦ કરોડ રૂપિયા રાજ્ય સરકારની ગ્રાન્ટ સ્વરૂપે આવે છે. આ ગ્રાન્ટનો મહત્તમ ઉપયોગ દિવાળી પહેલા રસ્તાના ખાડા બુરાય જશે એવી જાહેરાત બાદ વરસાદી ખાડા બુરવામાં થાય છે. જો કે, એક ખાડો પુરવા પાછળ કેટલો ખર્ચ થાય છે. આ વર્ષે પડેલા ખાડા બુરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને કેટલી રકમ જોઈશે એ અંગે અધિકારીઓ, સ્ટેન્ડિંગ કે રોડ કમિટીના ચેરમેન-સભ્યોએ કે કોઈ અધિકારીએ ફોડ પાડયો ન હતો. તેમણે આ આંકડા ઉપલબ્ધ નથી, ઝોનવાઈઝ ખર્ચ



થતો હોવાથી જાણમાં નથી એવી ગોળગોળ વાતો કરી આ અંગે મૌન ધારણ કરી લીધું હતું.

મ્યુનિસિપલ તંત્રના અધિકારીઓ ખાડા પુરવા પાછળ થયેલા ખર્ચની વિગત છુપાવવા ઝોન દીઠ ખર્ચ થતો હોવાથી ચક્કસ કેટલી રકમનો ખર્ચ થયો એ મળતા બહુ સમય લાગશે કેમ કે ચોકક્સ ગણતરી કરવી પડશે એવુ કારણ આગળ ધરી રહ્યા છે. ૨૩મી ઓગસ્ટથી ૩૧મી ઓગસ્ટ દરમિયાન ૬ હજારથી વધુ ખાડા પુરવામાં આવ્યા હોવાનું રોડ કમિટીના ચેરમેને કહ્યું છે.

અમદાવાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ જુન મહિનાથી શરૂ થયેલા વરસાદના કારણે ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં સાત ઝોનમાં આવેલા મુખ્ય તથા આંતરીક રસ્તાઓ ઉપર ૧૯ હજારથી વધુ ખાડા પડ્યા છે.

# નિકોલમાં પતિના મિત્રે લગ્નની લાલચ આપીને બ્લેકમેલ કરીને સાત વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું

અમદાવાદ, તા : ૨

નિકોલમાં પતિના મિત્રે પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી હતી અને સાત વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું હતું. એટલું જ નહી શખ્સે પરિણીતાની બહેન સાથે લગ્ન પણ કરી લીધા હતા. બાદમાં પરિણીતાને સાથે લગ્ન કરવા છે કહીને તેના પતિ સાથે છૂટાછેડા લેવડાવીને વિડીયો વાઈરલ કરવાની ધમકી આપીને વાંરવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં લગ્ન કરવાની ના પાડતા પરિણીતાએ હાથની નસ કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે નિકોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બાપુનગરમાં ૨૫ વર્ષીય યુવતીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં પતિના મિત્ર સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના સાત વર્ષ પહેલા લગ્ન થયા હતા. જેમાં લગ્ન સમયે તેના આરોપી મિત્રને પતિએ ફોટોગ્રાફી માટે બોલાવ્યો હતો. જેથી તેની સાથે પરિચય થયો હતો. બાદમાં તે અવાર નવાર આરોપી મિત્રને મળવા આવતો હોવાથી મહિલા અને પતિના મિત્ર વચ્ચે મિત્રતા થઇ હતી ત્યારે મહિલાની બહેન પણ તેની સાથે રહેતી હોવાથી આરોપીએ કહ્યુ કે હું તેને પસંદ કરૃ છું બાદમાં બંને વચ્ચે લગ્ન થયા હતા. જેથી અવારનવાર મહિલા એકલી હોય ત્યારે તે ઘરે આવતો હતો.૨૦૨૨માં આરોપીએ



મહિલાને ફોન કરીને મારે તમારૃ કામ છે કહેતા મહિલા પુત્રને લઇને તેના ઘરે ગઇ હતી. ત્યાંથી તેના નિકોલમાં આવેલ ભાઇના ઘરે લઇ ગયો હતો. ત્યાં મહિલાના પુત્રને મારી નાખવાની ધમકી આપીને દુષ્કર્મ આચર્યું હતું. આ સમયે તેને વિડીયો પણ ઉતારી લીધો હતો.

બાદમાં આરોપી બ્લેકમેલ કરીને વારંવાર દુષ્કર્મ કરીને તારી બહેનને છૂટાછેડા આપી દઈશ તું મારી સાથે લગ્ન કરી લે તેમ કહ્યુ હતું જેથી મહિલાએ પતિ સાથે છૂટાછેડા લઇ લીધા હતા.

# વિશોળ પ્રાથમિક શાળા ખાતે રાજા માંડલિક નાટક યોજાયું

ઊંઝા તાલુકાના વિશોળ ગામે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી તૂરી બારોટ નાટ્ય નિર્માણ અંતર્ગત રાજા રાં માંડલિક નાટક રજૂ કરવામાં આવ્યું હતું.ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગ થી તુરી બારોટ નાટય નિર્માણ અંર્તગત ઊંઝા તાલુકામાં આવેલા ચામુંડા ભવાઈ કલા મંડળ વિશોળ ના સંચાલક સોલંકી દિલીપકુમાર કાન્તિલાલ અને તેમની ટીમના કલાકારો દ્વારા ???????વિશોળ પ્રાથમિક શાળાના હોલમાં રાજા રામાંડલિક નાટક યોજવામાં આવ્યું હતું. આ નાટકમાં શાળાના આચાર્ય શશીકાન્ત પટેલ તેમજ શિક્ષક ગણ તેમજ ગામ લોકોએ આ નાટક સરસ રીતે નિહાળ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.